અપીલ અરજી નં.૨૭૧ તા.૨૯–૧૨–૦૮/૦૯

અરજદારઃ શ્રી ચેતન કાંતીલાલ નાવડીવાલા
સામાવાળાઃ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી ,(સેન્ટ્રલ ઝોન)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ચેતન કાંતીલાલ નાવડીવાલાની તા.૨૮–૧૧–૦૮ની અરજીથી બેગમપુરા ભટ્ટીશેરી તીરૂપતીભવનના ઘર નં.૪/૨૧૦ વાળી મિલ્કતમાં કેટલામાળની બાંધકામની મંજુરી આપવામાં આવી છે?કઈ સાલમાં ? બાંધકામ માટેનો પ્લાન રહેઠાણ માટે મંજુર કરવામાં આવ્યો છે કે કારખાના ચલાવવા માટે?બાંધકામ થઈ ગયા બાદ બીયુસી લેવામાં આવી છે કે કેમ? હાલ સ્થળ ઉપર મંજુર પ્લાન મુજબનું બાંધકામ છે કે નહીં? વિગેરની માહિતી આપવા બાબત

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૯–૧૨–'૦૮ ની અપીલ અરજી નં.૨૭૧/૨૦૦૮–૦૯

શ્રી ચેતન કાંતીલાલ નાવડીવાલાની તા.૨૮–૧૧–૦૮ની અરજીથી બેગમપુરા ભટ્ટીશેરી તીરૂપતીભવનના ઘર નં.૪/૨૧૦ વાળી મિલ્કતમાં કેટલામાળની બાંધકામની મંજુરી આપવામાં આવી છે?કઈ સાલમાં ? બાંધકામ માટેનો પ્લાન રહેઠાણ માટે મંજુર કરવામાં આવ્યો છે કે કારખાના ચલાવવા માટે?બાંધકામ થઈ ગયા બાદ બીયુસી લેવામાં આવી છે કે કેમ? હાલ સ્થળ ઉપર મંજુર પ્લાન મુજબનું બાંધકામ છે કે નહીં? વિગેરની માહિતી આપવા બાબતે પ્રતિભાવ નહીં મળવાના કારણે નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૯–૧૨–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, ફી ભર્યાના આધાર કે તબદીલની નકલ સહિત, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ તથા આપવા જોગ પૂરક માહિતીની વિગતો તેમજ વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવાપત્ર નં.આરટીઆઈ સેલ/ ૯૨૧ તા.૨–૧–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી ,(સેન્ટ્રલ ઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૨૪૦ તા.૧૬–૧–૦૯ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે.

અરજદારની મુળ અરજીમાં બેગમપુરા ભટ્ટીશેરી તીરૂપતીભવનના ઘર નં.૪/૨૧૦ વાળી મિલ્કતમાં કેટલા માળની બાંધકામની મંજુરી આપવામાં આવી છે? કઈ સાલમાં ? બાંધકામ માટેનો પ્લાન રહેઠાણ માટે મંજુર કરવામાં આવ્યો છે કે કારખાના ચલાવવા માટે?બાંધકામ થઈ ગયા બાદ બીયુસી લેવામાં આવી છે કે કેમ? હાલ સ્થળ ઉપર મંજુર પ્લાન મુજબનું બાંધકામ છે કે નહીં? વિગેરની માહિતી આપવા જણાવેલ. જેના અનુસંધાને પત્ર નં.૧૧૫૩ તા.૨૬–૧૨–૦૮ થી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જે અનુસાર નિર્દિષ્ટ મિલ્કત બાબતે ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં બાંધકામને વિકાસ પરવાનગી કે બીયુસી આપવામાં આવેલ નહીં હોવાની માહિતી પૂરી પાડયાનું જણાય છે જેની નકલ અત્રે મોકલેલ છે.

## હુકમ

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારને તેમની તા.૨૮–૧૧–૦૮ ની અરજી બાબતે માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે કશું કરવાનું રહેતું ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧ –૦૯.

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ..જાણ તથા અમલ માટે
(૨)શ્રી ચેતન કાંતીલાલ નાવડીવાલા,